ગણેશોત્સવ નિમિત્તે બાળકોએ ગણેશ પૂજા કરી

સર્વ વિદ્યાલય કડી કેમ્પસ સેક્ટર-૨૩ ખાતે ક્રિએટીવીઝોન તથા શ્રી વી.એમ. કુમાર અને શ્રીમતી એચ.વી. કન્યા બાલમંદિરના સંયુક્ત ઉપક્રમે ગણેશચતુર્થીના ભાગરૂપે નાના બાળકોનો કાર્યક્રમ યોજાયો હતો. બાલમંદિરમાંથી શ્રી ગણપતિજીને વાજતે-ગાજતે ક્રિએટીવીઝોનના પટાંગણમાં લાવી તેમનું પૂજન અર્ચન સ્લોક, આરતી કરવામાં ાવી હતી. નાના બાળકો શ્રી ગણેશજી, પાર્વતી, કાર્તિક, રિદ્ધિ-સિદ્ધિ તેમજ અવનવી વેશભૂષામાં તૈયાર થઈ પ્રસંગોપાત સાથે ગીતો જેવા કે મારા ગણપતિ નાના છે, ઓ માય ફ્રેન્ડ ગણેશા જેવા અભિનય સાથે રજુ કર્યા ત્યારબાદ બાલમંદિરના સ્ટાફ મિત્રો બાળકો જોડે ઉત્સાહ અને આનંદથી ગરબા ગાઈ વાતાવરણને આનંદ વિભોર બનાવ્યું હતું. કાર્યક્રમમાં સંસ્થાના નર્સિંગ કોલેજના કેમ્પસ ડાયરેક્ટર કમ કાઉન્સેલર રમેશચંદ્ર જે. વ્યાસ અને એજ્યુકેશન ડીપાર્ટમેન્ટના ડીન શ્રીમતી વીણાબેન પટેલ, ભગીની સંસ્થાના ઈંગ્લિશ મીડીયમ બાલમંદિરના આચાર્યા શ્રીમતી જ્યોતીબેન, ક્રિએટીવઝોનના ઈન્ચાર્જ શ્રીમતી કિરણબેન પટેલ તથા ગુજરાતી બાલ મંદિરના આચાર્યા શ્રીમતી હસુમતીબેન હાજર રહ્યા હતા.

પતિના ત્રાસથી કંટાળી ગયેલી સરઢવની પરિણીતાનું અગ્નિસ્નાન

પરિણીતાના ભાઈએ પતિ ત્રાસ આપતો હોવાથી આપઘાત કર્યો હોવાની પેથાપુર પોલીસને ફરીયાદ આપી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર નજીક સ્થિત સરઢવ ગામમાં રહેતી દોઢ વર્ષના દિકરાની માતાએ ત્રણ દિવસ અગાઉ સમી સાંજે પોતાના ઘરે જ શરીરે કેરોશીન છાંટી અગ્નિસ્નાન કરી લીધુ હતુ. સારવાર દરમિયાન પરિણીતાનું કરૂણ મૃત્યુ નિપજ્યું છે. આ બનાવ અંગે મૃતક પરિણીતાના ભાઈની ફરીયાદને આધારે પતિ સામે આપઘાત માટે દુષ્પ્રેરણાનો ગુનો નોંધી પેથાપુર પોલીસે તપાસ શરૂ કરી છે.

સરઢવ ગામમાં રહેતી પરીણિતા વિલાશબેન મુકેશજી ઠાકોરને લગ્ન બાદ દોઢ વર્ષનું સંતાન હતુ. ત્રણ દિવસ અગાઉ વિલાસબેને પોતાના ઘરે જ શરીરે કેરોશીન છાંટીને દિવાસળી ચાંપી દઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. તાત્કાલિક સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવેલી પરિણીતાની તબીયત ખુબ જ ગંભીર જણાતા અમદાવાદ ખસેડવામાં આવી હતી. દરમિયાન સારવારમાં તેણીનું મૃત્યુ નિપજ્યું હતું. મૃતક વિલાશબેનના વાસણીયા મહાદેવ ગામે રહેતા ભાઈ કરણજી ઠાકોરે પેથાપુર પોલીસમથકે ફરીયાદ નોંધાવી છે કે વિલાશબેનનો પતિ મુકેશ અવારનવાર તેણીની પર મારઝુડ કરીને શારીરિક માનસિક ત્રાસ આપતો હતો. તેથી પતિના ત્રાસથી કંટાળીને તેણીએ અંતિમ પગલુ ભર્યું છે. પેથાપુર પોલીસે પતિ સામે ગુનો દાખલ કરીને આ અંગે ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

પતિ સાથે બાઈક પર બેસીને જતી મહિલાના ગળામાંથી દોરો ખેંચાયો

સોનારડા-નરોડા રોડ પર બનેલી ઘટના : યામાહા બાઈક પર બે શખ્સો આવ્યા હતા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકા સ્થિત સોનારડા-નરોડા માર્ગ પર પતિ સાથે બાઈક પર બેસીને જતી મહિલાના ગળામાંથી આજે સવારે ચાલુ બાઈકે સવા તોલાનો દોરો આંચકી યામાહા પર આવેલા બે ચેઈન સ્નેચરો રફુચક્કર થઈ ગયા હતા. ડભોડા પોલીસે મહિલાની ફરિયાદના આધારે ચેઈન સ્નેચીંગનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર જિલ્લાના વડોદરા ગામમાં રહેતા સોનલબેન અશોકભાઈ ઠાકોર આજે સવારે તેમના પતિ સાથે બાઈક પર બેસીને સોનારડાથી નરોડા જતા માર્ગ પર જઈ રહ્યા હતા. તે દરમ્યાન પાછળથી યામાહા એફ.ઝેડ. બાઈક પર ડબલ સવારી આવેલા બે શખ્સોએ ચાલુ બાઈકે જ સોનલબેનના ગળામાં હાથ મારીને તેમણે પહેરેલો સવા તોલા વજનનો સોનાનો આશરે ૨૫ હજારની કિંમતનો દોરો ખેંચી લીધો હતો. ચેઈન સ્નેચીંગ કરીને યામાહા પર બન્ને શખ્સો પળવારમાં ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતા. ડભોડા પોલીસે સોનલબેનની ફરીયાદને આધારે ચેઈન સ્નેચીંગ સંદર્ભે ગુનો નોંધી તપાસનો દોર શરૂ કર્યો છે.

બે દિવસ પહેલા લીંબડીયા કેનાલમાં કુદી ગયેલા યુવાનનો મૃતદેહ મળ્યો

બાસણ ગામના યુવાને પલ્સર બાઈક કેનાલ પાસે મુકીને પડતુ મુકયું હતું

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેર નજીક આવેલા બાસણ ગામના યુવાને બે દિવસ અગાઉ સાંજના અરસામાં લીંબડીયા નર્મદા કેનાલ બહાર પલ્સર બાઈક પાર્ક કરીને કેનાલમાં પડતું મુકયુ હતું. બે દિવસથી કેનાલમાં શોધખોળ ચાલી રહી હતી. દરમિયાન આજે તેનો મૃતદેહ મળી આવ્યો હતો. ડભોડા પોલીસે મૃતદેહ પી.એમ. માટે મોકલી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

બાસણ ગામમાં રહેતા ઈન્દ્રસિંહ બકુલસિંહ વાઘેલાએ બે દિવસ અગાઉ સાંજના સુમારે કોઈ અગમ્ય કારણોસર લીંબડીયા કેનાલ પાસે પહોંચી ગયો હતો અને તેનું પલ્સર બાઈક કેનાલ બહાર મુકીને પડતું મુકી દીધું હતું. બે દિવસથી કેનાલમાં યુવાનની શોધખોળ ચાલતી હતી. દરમિયાન આજે સવારે કેનાલમાંથી મૃતદેહ મળી આવ્યો હતો. ડભોડા પોલીસે યુવાનનો મૃતદેહ પોસ્ટ મોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને આપઘાતનું કારણ બહાર લાવવા તપાસ આરંભી છે.

આજ રોજ યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે માનનીય વડાપ્રધાન જનધન યોજનાની શિબિરમાં બેંકના જનરલ મેનેજરશ્રી રાવલ સાહેબે કેમ્પનું નિરિક્ષણ કરેલ અને ગ્રાહકોને ખાતા ખોલવા અનુરોધ કરેલ અને આ સ્કીમની સમીક્ષા કરેલ. આ શિબિરને સફળ બનાવવા ચીફ મેનેજર દતા સાહેબે તથા આસિ. બ્રાન્ચ મેનેજર સુનીલ ભટ્ટે પ્રશંસનીય કામગીરી કરેલ. બેંકના અન્ય અધિકારી તથા સ્ટાફ મિત્રોએ સુંદર કામગીરી બજાવી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

સે-૬ ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળ દ્વારા ગણેશોત્સવ ઉજવાશે

આજે સે-૬-સીમાંથી શોભાયાત્રા નીકળશે દરરોજ રાત્રિના ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૨૮

સે-૬ ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળ તેમજ સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ દ્વારા સાર્વજનિક ગણેશોત્સવનુંઆયોજન કરવામાં આવ્યું છે. જે અન્વયે આજે સવારે ૧૦ વાગે સે-૬-સી ખાતેથી ભવ્ય શોભાયાત્રા નીકળશે. દરરોજ રાત્રિના મંદિરના પટાંગણ પાસે વૈવિધ્યભર કાર્યક્રમો યોજવામાં આવશે.

સે-૬ ભુવનેશ્વર મંદિર ખાતે યોજાનારા ગણેશોત્સવ અન્વયે તા. ૨૯ ઓગષ્ટના રોજ સવારે ૧૦ કલાકે સે-૬-સીમાં જયેશભાઈ બાબુભાઈ પ્રજાપતિના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૦૯૭/૧ ખાતેથી ગણેશજીની શોભાયાત્રા યોજવામાં આવશે. ગણેશજીની મૂર્તિ સ્થાપના બાદ દરરોજ રાત્રિના રંગારંગ કાર્યક્રમો યોજવામાં આવશે. સવારે તેમજ રાત્રિના ૮ કલાકે ગણેશની ભવ્ય આરતી થશે. જયારે રાત્રિના ૮.૩૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે તા. ૨૯મીએ રંગ કસુંબલ ડાયરો યોજાશે. આ તબક્કે ગોંડલ ભુવનેશ્વરી પીઠના આચાર્યશ્રી ઘનશ્યામ મહારાજ, મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ડૉ. એચ.કે. નંદા સહીતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. અન્ય દિવસોમાં પણ ડાયરો હાસ્ય દરબાર, નાટક, ડાન્સ કોમ્પીટીશન, જાદુ અને રમતોત્સવના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સાંઈરામ દવે, અશ્વિન જોષી, નિરંજન પંડયા તેમજ ઘનશ્યામ ગઢવી અને જીજ્ઞેશ કવિરાજ સહીતના કલાકારો ભાવિકોને મોજ કરાવશે. ૭મી સપ્ટેમ્બરે ૧૦૦૮ લાડુની આહુતિ દ્વારા હોમાત્મક યજ્ઞ યોજવામાં આવશે તેમ પણ યુવક મંડળના સંદીપ જોષીએ જણાવ્યું છે.

ફુલો કે ઈસ શહેર મે... વિવિધ પ્રકારના ફુલો બનાવવાનો જેસીઆરટીનો વર્કશોપ

ગાંધીનગર, તા. ૨૮

પ્રગતિની હરણફાળ ભરી રહેલી દુનિયામાં મહિલાઓ પણ સડસડાટ આગેકૂચ કરી રહી છે. વિવિધ પ્રવૃત્તિઓ સાજ શણગાર, સેવા સાથે વિવિધ વર્કશોપ ટ્રેનીંગથી વુમન એમ્પાવર થઈ રહી છે. ગાંધીનગરમાં જેસીઆઈ એમના પ્રમુખ સાત્વિક ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ નવાજ આયામો સર કરી રહી છે.

જેસીઆઈની મહિલા પાંખ કે જેઓ જેસીઆરટી તરીકે ઓળખાય છે તેઓએ હાલમાં જ સે. ૨૮માં આવેલી વસંતકુંવરબા સ્કૂલ ખાતે ત્રિદિવસીય વર્કશોપ મિતાલી ત્રિવેદીના અધ્યક્ષતા હેઠળ આયોજીત કર્યો હતો.

સ્વરોજગારીની તક ઉભી થાય અને હોમમેકર મહિલા ઘરમાં પરિવારની જવાબદારી સાથે આત્મનિર્ભર બને એ માટે આ વિવિધ કલા શિખવાનો પ્રોજેક્ટ ફાલ્ગુની ભાવસાર અને લતા શુકલા લઈને આવ્યા હતા.

હેન્ડક્રાફ્ટ, ગ્લાસ પેઈન્ટીંગ, પેન સ્ટેન્ડ, કેમિકલ ફ્લાવર્સ, પેપર ફ્લાવર્સ જેવા વિવિધ આર્ટસની ટ્રેનીંગ જયેશ ખોરાસિયાએ આપીને મહિલાઓને કલામાં માસ્ટર બનાવી હતી. શાળાના આચાર્યા દક્ષાબેન શુકલએ અંગત રસ લઈ શાળાની વિદ્યાર્થીનીઓને આ વર્કશોપ એટેન્ડ કરાવ્યો જેથી તેઓ અભ્યાસની સાથે આત્મનિર્ભર બને.

વર્કશોપના અંતિમ દિવસે એમણે બનાવેલા વિવિધ ફુલોથી એમ જ લાગતું હતું 'ફુલો કે ઈસ શહેરમે' વાતાવરણ રંગીન હતુ. મહિલાઓના આ પ્રોજેક્ટને સાથ આપવા મંત્રી કેતન ભાવસાર અને નિકુંજ શુક્લાએ ખાસ્સી મહેનત કરી હતી. મહિલા સશક્તિકરણ જેવો વર્કશોપ સૌને અતિ ઉપયોગી બની રહ્યો.

બાલશ્રી એવોર્ડ માટે અરજીઓ મંગાવાઈ

ગાંધીનગર, તા.૨૮

ભારત સરકારના હ્યુમન રીસોર્સ ડેવલપમેન્ટ દ્વારા નેશનલ બાલભવન પ્રેરિત ગાંધીનગરની બાલભવન સોસાયટીએ લોકલ લેવલે બાલશ્રી એવોર્ડ પસંદગી કાર્યક્રમનું તા. ૯થી ૧૦ સપ્ટેમ્બર દરમિયાન આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ૯ થી ૧૬ વર્ષની ઉંમર ધરાવતા ખેડા જિલ્લાના બાળકો માટે લોકલ લેવલ સ્પર્ધામાં ભાગ લેવા માટે તા. ૮મી સપ્ટેમ્બર સુધીમાં વિષય મુજબ અરજી મોકલી આપવાની રહેશે.

બાલશ્રી એવોર્ડ માટે વિવિધ કેટેગરીમાં સર્જનાત્મક પ્રદર્શન કળા જેમાં કથ્થક નૃત્ય, ભરતનાટયમ્, તબલાવાદ્ય અને નાટકોનો સમાવેશ થાય છે. ત્યારબાદ સર્જનાત્મક કળા સ્પર્ધામાં પેઈન્ટીંગ, પેન્સિલ સ્કેચ, વેસ્ટમાંથી બેસ્ટ અને માટીકામ રહેશે જયારે સર્જનાત્મક લેખન કળામાં નિબંધ લેખન, પાદપૂર્તિ, કાવ્યલેખન, વાર્તા લેખન વગેરેનો સમાવેશ કરાયો છે. આ ઉપરાંત સર્જનાત્મક વૈજ્ઞાનિક નવીનીકરણ સ્પર્ધામાં વિજ્ઞાનના પ્રયોગો, નમૂના બનાવવાનો સમાવેશ કરાયો છે. આ સ્પર્ધામાં પ્રથમ લોકલ લેવલે પસંદગી થયા બાદ અને ત્યાર પછી રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી કરાશે. રાષ્ટ્રીય લેવલની સ્પર્ધામાં પસંદગી થતા બાળકને રાષ્ટ્રપતિના હસ્તે એવોર્ડ અપાશે.

આ એવોર્ડ માટે ઝોનલ અને રાષ્ટ્રીય લેવલે પસંદગી પામેલા બાળકોનો આવવા જવાનો તેમજ રહેવા જમવાનો ખર્ચ બાલભવન તરફથી આપવામાં આવનાર છે. આ એવોર્ડમાં ભાગ લેવા માટે અંગ્રેજી ભાષામાં કેપિટલઅક્ષરોમાં સ્વચ્છ અક્ષરે જન્મના પ્રમાણિત દાખલા સાથે સે-૨૮માં દત્ત મંદિરની પાછળ આવેલા બા વી.એન. સોલંકી (મોગર) બાલભવન ખાતે સવારે ૮.૩૦ થી ૧૨ અને સાંજે ૩ થી ૫.૩૦ વાગ્યા સુધી સંપર્ક કરી શકાશે.

આજે ઉડાન ટ્રસ્ટ દ્વારા રકતદાન કેમ્પ યોજાશે

ઉડાન ચેરીટેબલ ટ્રસ્ટ અને રેડક્રોસ બ્લડ બેંકના સહયોગથી ગણેશ ચતુર્થી નિમિત્તે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. રકતદાન કેમ્પ આજ રોજ શુક્રવાર સવારે ૯ થી ૧ દરમિયાન શાલીન કોમ્પ્લેક્ષ સે-૧૧ ખાતે યોજાશે. રકતદાન કરી જીવનમાં પુણ્ય કમાવવા માંગતા દાતાઓએ પ્રતિક રામાનુજ, ધર્મેન્દ્ર પરમાર અને જયેન્દ્રસિંહ સોલંકીનો સંપર્ક કરવો.

આજે સેક્ટર-૨૮મા શ્રીપાદ વલ્લભ ચરિત્ર પારાયણ યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

સેક્ટર-૨૮ સ્થિત ત્રિમૂર્તિ દત્ત મંદિર ખાતે ગણેશ ચતુર્થી અને શ્રી પાદ વલ્લભ જયંતિ પ્રસંગે સવારે ૮.૦૦ વાગે શ્રી પાદ વલ્લભ ચરિત્ર પારાયણનો પ્રારંભ આજે શુક્રવારે કરવામાં આવશે. અને સવારે ૧૦.૦૦ વાગે ગણેશયાગ પૂજન, ૧૨.૦૦ વાગે હોમાત્મક હવન અને સાંજે ૫.૩૦ વાગે પૂર્ણાહુતિ કરવામાં આવશે. ધાર્મિક કાર્યક્રમમાં નગરજનોને ઉપસ્થિત રહેવા શ્રીરંગ અવધૂત પરિવારે જણાવ્યું છે.

જયરામભાઈ પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ દ્વારા મેનેજમેન્ટ અને સામાજિક જાગૃતિ આધારીત રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ૪૫ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાના વિચારોને રંગ પૂરી પ્રદર્શિત કર્યા હતા.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૨
સૂર્યાસ્ત : ૭.૦૦

તાપમાન

મહત્તમ : ૩૫.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૮ ટકા ● સાંજે ૬૨ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
રાજા નટવરલાલ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
રાજા નટવરલાલ : ૧૨.૩૦
સિંઘમ રિટર્ન્સ : ૩.૪૫, ૯.૪૫
મર્દાની : ૭.૦૦
: સ્ક્રીન-૩ :
સ્ટેપ અપ ઓલ ઈન (૩ડી)(અંગ્રેજી) : ૧૧.૦૦, ૩.૪૫, ૮.૦૦
ટીનેઝ મુટન્ટ નીન્જા ટર્ટલ્સ (૩ડી) અંગ્રેજી : ૧.૪૫, ૬.૦૦, ૧૦.૧૫
સ્ક્રીન-૪ :
રાજા નટવરલાલ : ૧૦.૦૦
મર્દાની : ૧.૦૦
બે યાર (ગુજરાતી) : ૪.૦૦
પેરુચાઝી (મલયાલમ) : ૭.૦૦
રભાસા (તેલુગુ) : ૧૦.૦૦
: સ્ક્રીન-૫ :
સિંઘમ રિટર્ન્સ : ૧૨.૪૫
મર્દાની : ૧૦.૦૦ (નાઈટ)
ટ્રીપ ટુ ભાનગઢ : ૧૦.૦૦ (મોર્નિંગ)

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રાજા નટવરલાલ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
નવેમ્બર મેન : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
સિંઘમ રિટર્ન્સ : ૧.૧૫, ૭.૧૫
સ્ક્રીન-૩ :
આપણે તો ધીરુભાઈ : ૧૦.૦૦, ૫.૩૦, ૧૦.૦૦
ટ્રીપ ટુ ભાનગઢ : ૧૨.૩૦, ૧૦.૦૦
મર્દાની : ૩.૦૦, ૮.૦૦

આપની આજ

મેષ : નવી આયોજનો માટે રોકાણ કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી હિતાવહ રહેશે. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે.

વૃષભ : જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓનું આયોજન થઈ શકે છે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે. આરોગ્યલક્ષી આહાર લેવો.

મિથુન : વ્યાપારક્ષેત્રેમાં પ્રવાસનું આયોજન થશે. આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. લગ્નવાંચ્છુકોને પોતાની જીવનસાથીની પસંદગી થઈ શકે છે.

કર્ક : આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે. સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થશે. જે આપના આનંદમાં વધારો કરશે. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે.

સિંહ : અપરણિતો માટે લગ્નસંબંધી પ્રસ્તાવ, લંબિત પ્રકરણોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

કન્યા : આપને ઉપયોગી બની રહે એવા નવા સંબંધો બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર મધ્યમ રહશે.

તુલા : પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે.

વૃશ્ચિક : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે. વ્યાપારક્ષેત્રમાં સંભાળવું. ધાર્મિકયાત્રા પ્રવાસનું આયોજન થશે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું.

ધન : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે. ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક શિક્ષાનાં કાર્યોમાં રૂચિ વધશે.

મકર : ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન-સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે.

કુંભ : કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો. કોઈપણ નિર્ણય પોતાની બુદ્ધિમતાથી લેવો. નવા સંબંધો બંધાશે.

મીન : કુટુંબમાં મંગળ કાર્યોનું આયોજન કરી શકશો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. આર્થિક કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે.

ચિરવિદાય

- સ્વ. ચંદ્રકાન્તભાઈ મનુપ્રસાદ રાવલ (ઉ.વ.૪૭) એ/૧/એએ/૪, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર.
- સ્વ. ઠાકોર કાશીબેન ભલાજી (ઉ.વ.૬૦) મુ.પો. રાંધેજા, તા.જી. ગાંધીનગર
- સ્વ. કાશીબેન વસંતલાલ શ્રીમાળી (ઉ.વ.૮૭) બ્લોક નં.૮૦૨, સેક્ટર-૨૪, ગાંધીનગર
- સ્વ. ભગવતીબેન રામાચંદ્ર જેસ્વાણી (ઉ.વ.૮૧) પ્લોટ નં.૩૩૬, સેક્ટર-૨૦, ગાંધીનગર
- સ્વ. રંભાબેન વેલાજી ભીલ (ઉ.વ.૭૧) ઘર નં. ૪૦૨, ઈન્દિરાનગર, સેક્ટર-૨૪, ગાંધીનગર.
- સ્વ. બૈરાજબેન હઠીસિંગ ઝાલા (ઉ.વ.૮૫) મુ.પો. પેથાપુર, કૈલાસધામ, તા.જી. ગાંધીનગર
- સ્વ. ઈન્દ્રસિંહ બલુકસિંહ વાઘેલા (ઉ.વ.૨૫) પ્લોટ નં. ૬૫૧/૨, સેક્ટર-૭બી, ગાંધીનગર.
- સ્વ. દિલીપભાઈ કચરાભાઈ પટેલ (ઉ.વ.૬૫) માર્કેટ યાર્ડ, મુ. રાંધેજા, જી. ગાંધીનગર
- સ્વ. શૈલેષભાઈ વરવાજી ઠાકોર (ઉ.વ.૨૫) સેક્ટર-૧૧, બીજ નિગમ સામે છાપરા, ગાંધીનગર